## ફરી એક વાર ગુજરાત 'પૉલિટિકલ લેબોરેટરી'

ગુજરાતને ભારતીય જનતા પાર્ટીએ 'પૉલિટિકલ લેબોરેટરી'માં ફેરવી દીધું ત્યાર પછી કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ અહીં હાંસિયે ધકેલાઈ ગયો છે. છેલ્લે માધવસિંહ સોલંકીને અનામત આંદોલનનો ભોગ બનવું પડ્યું અને વિક્રમજનક ૧૪૯ બેઠકો જીત્યા છતાં મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું તે પછી કોંગ્રેસ પોતાના જોર પર સત્તામાં પાછી ફરી શકી નહોતી. કયારેક ચીમનભાઈ પટેલ સાથે ગઠબંધન કરીને તો કયારેક શંકરસિંહ વાઘેલાને ટેકો આપીને એ શાસનમાં પોતાની હાજરી જરુર પુરાવતી રહી પણ પોતાની આગવી તાકાતથી સત્તા કબજે કરવાનું એનું સપનું તો હવાઈ જ ગયું. હવે ખુદ ભારતીય જનતા પાર્ટી એને સામે ચાલીને સત્તામાં પુનરાગમનની અનુકૂળતા કરી આપી રહી હોય એવાં ચિહ્નો દેખાઈ રહ્યાં છે. પાટીદાર આંદોલન કોઈ કોંગ્રેસના નેતાઓએ નહોતું કરાવ્યું. કહેવું હોય તો કહી શકાય કે આવું જબરદસ્ત આંદોલન ઊભું કરાવે કે એને આટલા લાંબા સમય સુધી જીવતું રાખી શકે એ બરનો કોઈ મોટા ગજાનો પાટીદાર નેતા કોંગ્રેસ પાસે રહ્યો પણ નથી. નરહરિ અમીન જેવા સમર્થ નેતાએ ભાજપનું શરણું સ્વીકારી લીધું છે અને દિનશા પટેલ જેવા ચરોતરના બિનવિવાદાસ્પદ નેતાએ ક્ષેત્રસંન્યાસ લઈ લીધો છે. સામે કોંગ્રેસ પાસે નરસિંહ મકવાણા, યોગેન્દ્ર મકવાણા કે મનુભાઈ પરમારની કક્ષાના ઝુઝારુ દલિત નેતાઓ પણ નથી રહ્યા. પ્રવીણ રાષ્ટ્રપાલનું તાજેતરમાં અવસાન થયું છે, નહીંતર ઊનાની ઘટનામાં એ આગલી હરોળના સંઘર્ષવીર તરીકે ઊપસી આવ્યા હોત. આટલી પ્રતિકૂળતાનો છતાં કુદરત કોંગ્રેસને સામે ચાલીને અનુકૂળતા કરી આપી રહી હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. એની પાસેથી સરકી ગયેલી વોટબેંકો પાછી વળી રહી છે. રાહુલ ગાંધીની સંસદ-ઝપકી વિશે વિજય રુપાણી ગમે તેવા કટાક્ષ કરે કે સમાજ કલ્યાણમંત્રી રમણ વોરા અને વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર આત્મારામ પરમાર સહિતના આગેવાનો

**તંત્રીસ્થાનેથી...**

દલિતોના ઘા રૂઝવવા ગમે તેટલાં આશ્વાસન આપે તો પણ જે રીતે ગુજરાત અને સમગ્ર દેશમાં આ ધૃણાસ્પદ અત્યાચારના પડઘા પડી રહ્યા છે તે જોતાં આગામી દિવસોમાં ભાજપ માટે કપડાં ચઢાણ જરૂર લાગી રહ્યાં છે. પંજાબ અને ઉત્તરપ્રદેશમાં ભાજપ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. માયાવતીની તરફેણમાં દલિતોનું ધ્રુવીકરણ થતાં ઉત્તરપ્રદેશમાં ભાજપની તકો ઝાંખી બની ગઈ છે. શીલા દિક્ષીતને આગળ ધરીને કોંગ્રેસે સવર્ણ મતોના ધ્રુવીકરણનું રાજકારણ શરૂ કર્યું છે. કોંગ્રેસ સત્તા પર આવે તો ઉત્તરપ્રદેશમાં દસ ટકા સવર્ણ અનામતની ખાતરી આપવામાં આવી છે. કદાચ આ આનંદીબેનનું જ અનુકરણ હોય તો પણ તે કોંગ્રેસને ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજયમાં પુનર્જીવિત કરવાનો સારો નુસખો સાબિત થઈ શકે એમ છે. ગુજરાતમાં ચમાર સમાજને જે અન્યાય થઈ રહ્યો છે એમાં દલિતોમાં સવર્ણ ગણાતા વણકર સમાજનો મોટો ફાળો છે. દલિત આંદોલન આ બેઉ સમાજોને ભેગા બેસાડવાનું નિમિત્ત બની રહ્યું છે. ચમારને કસાઈ ગણીને ગૌહત્યાના દોષિત ગણી લેનારા સવર્ણ હિંદુઓ માટે આ હૃદયમંથનનું ટાણું છે. બાબાસાહેબ આંબેડકરને હાઈજેક કરવાના ભાજપના પ્રયાસો પણ હાસ્યાસ્પદ પુરવાર થવાના છે. ગોધરાકાંડ ભાજપને ફળ્યો હતો પણ ઊના-સમઢિયાળા કાંડ એને દરેક મતવિસ્તારમાં બલકે દેશ આખામાં નડે એવી સંભાવા છે. આ બાબત દરેક પાર્ટીના નેતાઓ સમજી ગયા છે. તેથી રાહુલ ગાંધી દલિત ગૃહે સ્ટીલની રકાણીમાં ચા પીતાં પીતાં કોંગ્રેસ દલિતોની પડખે હોવાનું નિવેદન કરી શકે છે. દલિતોના મત કોને નથી ખપતા ? કાલે માયાવતી પણ દોડી આવશે અને આંદોલનને વધુ આક્રમક બનાવવા પ્રયાસ કરશે. હવે દિલ્હીની ગાદી વાયા ઊના થઈને પણ હસ્તગત કરી શકાય એવી નવી ફોર્મ્યુલા ઘડાશે! ગુજરાત માટે અને શાસક પક્ષ માટે કસોટીના દિવસો આવી રહ્યા છે.

# અસ્પૃશ્યતા એ હિંદુ સમાજને કોરી ખાનારું ઝેર છે... દૂર કર્યે જ છૂટકો

**મહાત્મા ગાંધીના ઉપવાસ અને પ્રચંડ અસ્પૃશ્યતા આંદોલનની એક ઝલક**

મહાદેવભાઈની ડાયરી-૨માં મુરબ્બી મહાદેવભાઈ એક પત્ર નોંધે છે. વિસાસપુરથી આવેલા આ કાગળમાં મહાત્મા ગાંધીએ અલગ મતદાર મંડળ (દલિતો માટે) સંદર્ભે વિરોધ અર્થે મરણપર્યત ઉપવાસ આંદોલન કર્યું હતું. આ ઉપવાસ અંગે થયેલી સભાનું દુઃખદ વર્ણન હતું. પત્રમાં નોંધ મુજબ આ સભામાં ચમાર પાસે પાણી મંગાવીને પીવા જાય છે. ત્યાં કોંગેસવાળાઓએ સવાલ ઉઠાવ્યો કે ગાંધીજી એ ખાવાપીવાની સલાહ આપી નથી. જેને કારણે પાણી પીધું એ પૈકીના કેટલાકે પ્રાયશ્ચિત કર્યું અને પ્રાયશ્ચિત ન કરનાર ઉપર બહિષ્કારની ધમકી અપાઈ. પત્ર લખનારે પ્રશ્ન કર્યો હતો કે આ બધું યોગ્ય છે ખરું? - આ સવાલે પાણી પીધું હતું પણ એ બદલ પ્રાયશ્ચિત કર્યું ન હતું.

મહાત્મા ગાંધીએ એ પત્ર લેખનને જવાબ આપ્યો હતો કે 'આપકા પત્ર મિલા હૈ, જિન કોંગ્રેસજનોનેં અસ્પૃશ્ય ભાઈયોં કે પાની લાને સે સભા છોડી ઉન્હોંને બહુત અનુચિત કાર્ય કિયા.' અસ્પૃશ્યતા નિવારણમેં અછૂત ભાઈયોં કે હાથોં સે પાની પીના આવશ્યક અંગ હૈ. જૈસા વર્તાવ હમ અન્ય જાતિયોં સે રખતે હૈં વૈસા અછૂતો કે સાથ કરના ધર્મ હૈ. ઈસ લિયે જિન્હોંને પ્રાયશ્ચિત કિયા ઉન્હોંને પાપ કિયા હૈ ઔર કોંગ્રેસ કા વિરોધ કિયા હૈ. આપકા બહિષ્કાર જાતિ વિરુદ્ધ હૈ, આપ પ્રાયશ્ચિત હરગિજ ન કરે. મુઝે દુઃખ હૈ કિ વિલાસપુર કે કઈ ભાઈયોને નીતિ વિરુદ્ધ વ્યવહાર કરકે અછૂત ભાઈયોંમેં બુદ્ધિભ્રમ પૈદા કિયા હૈ, મૈં ચાહતા હૂં કી વે અપને દોષ કો જાહેર સ્વીકાર કરે.

બાપુએ જયારે અલગ દલિત મતદાર મંડળની માગણી સામે ઉપવાસ શરૂ કર્યા તે સમયે દેશ અને દુનિયાભરમાંથી આ સંબંધે પત્રો આવતા હતા અને બાપુ આ પત્રોના જવાબ આપીને અસ્પૃશ્યતા નિવારણ અંગે વ્યાપક જનજાગૃતિ કાર્ય ઉત્તરો આપીને ફરી રહ્યા હતા.

આ સંબંધેના કેટલાંક પત્રો એ બાબતની પ્રતીતિ કરાવે છે કે સ્વરાજ પ્રાપ્તિ સાથે દેશમાં અસ્પૃશ્યતા નિવારણ માટે પણ બાપુએ સતત પ્રયત્નો કર્યા હતા.

૧૪મા ઓકટોબર ૧૯૩૨ના એક પત્રના પ્રત્યુત્તરમાં મહાત્માજી લખે છે : 'અસ્પૃશ્યતા નિવારણનું આવશ્યક અંગ મંદિર પ્રવેશ.' સામાન્ય રીતે જે વ્યવહાર બીજી જાતિઓ વચ્ચે છે તે જ અંત્યજ ભાઈઓ બહેનો પ્રત્યે હોવો જોઈએ. સહભોજન સહુની ઈચ્છા ઉપર છે. એ અસ્પૃશ્યતા નિવારણનું આવશ્યક અંગ નથી. મારી એવી માન્યતા એવી છે કે હિંદુ ધર્મમાં ગમે તેની સાથે ખાદ્ય પદાર્થ ખાવાને પ્રતિબંધ નથી.




મહારાષ્ટ્રના રત્નાગિરિથી એક શિક્ષકે પત્ર લખ્યો હતો અને પૂછ્યું હતું કે, 'વર્ણ કેટલાં છે ? અહીં કેટલાંક બ્રાહ્મણ અને શૂદ્ર એમ બે જ વર્ણ કહે છે અને શૂદ્રોને વેદોચ્ચારનો અધિકાર નથી એમ કહે છે. અને મેં એમની પાસે વેદોચ્ચાર કરાવ્યો એટલે મારો બહિષ્કાર થયો છે.' બાપુએ એને લખ્યું કે 'વર્ણ માત્ર શુદ્ર છે, અને દરેક હિંદુને વેદોચ્ચારનો અધિકાર છે.' બાપુએ પુસ્તક ભરીને સ્પષ્ટ કરવા જેવી સ્થિતિ બાપુએ માત્ર બે જ લીટીના પત્રમાં વ્યક્ત કરી દીધી હતી એમ જવાબમાં સ્પષ્ટ થાય છે.

તો એક જણે પુછ્યું હતું : 'અસ્પૃશ્યતો ગૌમાંસ ખાય, મદિરા પીએ, સ્વચ્છ ન થાય ત્યાં સુધી શું થાય ?' એને બાપુએ લખ્યું : 'મારી દઢ માન્યતા છે કે હરિજનોમાં જે કુટેવો જોવામાં આવે છે તે દરેકને માટે કહેવાતા સવર્ણો જવાબદાર છે. સહાનુભૂતિપૂર્વક તેના ઉપાય કરવાથી જ તે દૂર થઈ શકે.'

અન્ય એક પત્ર લેખકને બાપુ સ્પષ્ટ કરે છે કે અસ્પૃશ્યતા નિવારણમાં સહભોજન અને મિશ્રવિવાહ અનિવાર્ય રીતે આવી જતા નથી. પરંતુ હરિજનો સાથે કોઈ ભોજન વ્યવહાર અથવા કન્યા વ્યવહાર કરે તો પ્રતિબંધ ન હોવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો એમ કહીને તેઓ વધુ સ્પષ્ટ કરે છે કે હરિજનોનો દરજ્જો તમામ બાબતોમાં બાકીના હિંદુઓ જેવો હોવો જોઈએ. સહભોજનનો અર્થ એક થાળીમાં ખાવું એવો થતો જ નથી, એટલે ખોરાકની સાથે બીજાનું થૂંક પણ ભળે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તો ખ્રિસ્ત સેવાસંઘના બ્રધર કેશવે બાપુને ઉપવાસ સંબંધે લકેલા પત્રમાં એવો જવાબ વાળે છે કે, 'હા, ઉપવાસ એ ઈશ્વરની ભેટ હતી. તમે ધર્માંતર કરાવવાનો વિચાર મનમાં રાખ્યા સિવાય અસ્પૃશ્યોની જે કાંઈ સેવા કરી શકો તેથી ભલું જ છે.'

એ સમયે મહાત્મા ગાંધીના ઉપવાસનો પત્રવ્યવહાર બહાર પડ્યો હતો પરંતુ એ જાહેર થયો એના બીજા દિવસે મળેલા રેજિનલ્ડ્સ રેનલ્ડઝનો કાગળ આવ્યો હતો. આથી બહાર પડેલા ઉપવાસ સંબંધી પત્રવ્યવહારમાં તે સમાવિષ્ઠ થઈ શક્યો ન હતો. એ પત્ર જોઈએ. રેનલ્ડ્ઝ પત્રમાં લખે છે : 'બીજા ઘણાની માફક હું તમને એવું મનાવવાનો પ્રયત્ન નહીં કરું કે તમારો નિર્ણય ખોટો હતો. તમારા એક અંગ્રેજ મિત્ર તરીકે હું તમને કહેવા ઈચ્છું છું કે નિરિશ અને હારેલા માણસના જેવા દેખાતા તમારા આ કાર્યને હું તમારા જીવનનું મોટામાં મોટું કાર્ય માનું છું.'

અસ્પૃશ્યતા નિવારણના બાપુએ આદરેલા પ્રચંડ આંદોલન સમયે તેમણે એવી શિખ આપી હતી કે અસ્પૃશ્યતા એ હિંદુ સમાજને કોરી ખાનારું ઝેર છે જયારે જ્ઞાતિઓ એક સામાજિક અનિષ્ઠ છે. આ અનિષ્ઠ આપણે વહેલું મોડું દૂર કરવું પડશે.

બાપુની શિખામણ સ્વરાજ મેળવવાના ઝાંપા સુધી જ આપણે માનીશું કે...?

સંદર્ભે : મહાદેવભાઈની ડાયરી ભાગ-૨, નવજીવન મુદ્રણાલય.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# ભારતનાં દિવ્યાંગ મહિલા રમતવીર મલાથી કૃષ્ણમૂર્તિની અનોખી સિદ્ધિ



બેંગ્લોર, ભારતની દિવ્યાંગ મહિલા રમતવીર મલાથી કૃષ્ણમૂર્તિએ અનેક સિદ્ધિઓ મેળવીને ભારત અને માનવતાનું નામ રોશન કર્યું છે. સંપૂર્ણ શરીર લકવાગ્રસ્ત હોવા છતાં તેમણે કિસ્મતને દોષ નથી આપ્યો અને ક્યારેય હાર નથી માની. સખત મહેનત કરી જીવનમાં સફળતા મેળવીને તેઓ સમાજમાં પ્રેરણારૂપ બન્યાં છે. આજે તેઓ ભારતનાં જાણીતાં પૈરા ઍથલીટ છે.

મલાથી કૃષ્ણમૂર્તિ હોલ્લાનો જન્મ છઠ્ઠી જુલાઇ, ૧૯૫૮માં બેંગલોરમાં થયો હતો. તેમના પિતા એક નાનકડી હોટલ ચલાવતા હતા અને તેમનાં માતા ઘરે રહીને ચાર બાળકોની સંભાળ રાખતાં હતાં.

**નાને દીવડે દિવાળી**
**અનિતા તન્ના**

જ્યારે મલાથી એક વર્ષનાં હતાં ત્યારે તેમને તાવ આવ્યો હતો. તેમના ઘરના લોકો તેમની બીમારીને સમજે એ પહેલાં તેમનું પૂર્ણ શરીર લકવાગ્રસ્ત થઇ ગયું હતું. સતત બે વર્ષ સુધી વીજળીના શોક આપીને તેમની સારવાર કરવાથી શરીરના ઉપલા ભાગ પર તેની અસર થઇ. જેને પરિણામે તેમના શરીરના કમરના નીચેનો ભાગ લકવાગ્રસ્ત થઇ ગયો. મજબૂત મનોબળ અને હિંમત ધરાવતાં મલાથીએ સંજોગો સામે હાર ના માની. તેમણે રમત (સ્પોટર્સ)ને પોતાના દર્દની દવા બનાવી દીધી. આજે તેઓ ભારતનાં પ્રસિદ્ધ ખેલાડીઓ પૈકીનાં એક છે.

મલાથી કૃષ્ણમૂર્તિએ આજ સુધી ત્રણસોથી વધુ ઍવોર્ડ અંકે કર્યા છે. જેમાં ભારતના ટોચના અર્જુન અને પદ્મશ્રી ઍવોર્ડનો પણ સમાવેશ થાય છે.તેમણે સાઉથ કોરિયા, બાર્સિલોના, એથેન્સ અને બેઇજિંગમાં યોજાયેલા પૈરાઓલંપિક, બેન્ગકોંક, સાઉથ કોરિયા, કુઆલામ્બામુપુમાં યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ ઉપરાંત ડેનમાર્ક અને ઓસ્ટ્રેલિયામાં આયોજિત માસ્ટર્સ ઓપેન ચેમ્પિયનશિપ અને કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેમણે ભારતનાં રમતવીર તરીકે ભાગ લીધો હતો.

મલાથી કૃષ્ણમૂર્તિ સિન્ડીકેટ બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. આ મહિલા પોતાના મિત્રોની મદદથી માથરું ફાઉન્ડેશન ચલાવે છે. આ સંસ્થાએ સોળ શારીરિક અસમર્થ બાળકો દત્તક લીધાં છે. મલાથી છ હજાર બેન્ક ગ્રાહકોના એકાઉન્ટ નંબર સહેલાઈથી યાદ રાખી શકે છે.

આઠમી જુલાઇ, ૨૦૦૯ના રોજ તેમની આત્મકથા '' અ ડિફરેન્ટ સ્પિરિટ'' પ્રકાશિત થઈ હતી.

ઘણા લોકો શારીરિક અક્ષમતા સામે રડતા કે ફરિયાદો કરતા હોય છે. કેટલાક સ્વસ્થ લોકો પણ પોતાની અસફળતાનો દોષ કિસ્મતને આપતા હોય છે. આવા લોકોએ મલાથી કૃષ્ણમૂર્તિ હોલ્લા પાસેથી શીખ લેવી જોઇએ.

# સૌથી મોટો ગુરૂ તમારો અનુભવ છે : ઓશો

**શહેરમાં લટાર...**

''સૌથી મોટો ગુરુ તમારો
અનુભવ છે.
હું જે કાંઈ કહું છુ તે ભૂલી જાવ
અને તમારા અનુભવને
આધારે આગળ વધો.''

...(ઓશો)

દોસ્તો, ઉનાળાની કાળઝાળ ગરમીએ આ વખતે બધા જ રેકોર્ડ તોડયા છે.

લોકો તંદૂરી રોટીની જેમ શેકાયા છે. દરેક જણ પોતાની સગવડ અને અનુકૂળતા મુજબ ઠંડક મેળવતા રહ્યા છે. ઉનાળાની બપોરે શહેરમાં લટાર મારવાની પણ એક મજા પડી. અલબત્ત તે માટે ખાસ્સી હિંમત અને મસમોટુ સાહસ કરવું પડ્યું. પણ આ લટારે જે અનુભવ કરાવ્યો તે આપની સમક્ષ મૂકું છુ.

બે પ્રસંગો : વહેલો વરસાદ

ઉનાળાની કાળઝાળ ગરમી બરાબર ભરબપોરે ૪૭ ડીગ્રીમાં રસીકલાલ ફૂટપાથ પર પથારો પાથરી બેસેલા એક ટોપીવાળા ફેરીયા સાથે રકઝક કરતા હતા.

'' અરે, પણ કાંઈક વ્યાજબી તો કર''.

''ના સાહેબ, આટલી ઓછી કિંમતે ટોપી નહી આવે.''

''મારે પણ ઘર ચલાવવાનુ છે સાહેબ !

બે પૈસા ન કમાઉં તો અહિં તાપમાં બેસવાનો કોઈ અર્થ ખરો,સાહેબ?''

''સારું... સારું... પેલી બ્લ્યુ કલરની ટોપી આપી દે.''

રસીલાલ ને ભરાબપોરે અચાનક બહાર જવાનું થયુ ને માથે ટોપી તો જોઈએ જ. બપોરનો સમય ને કાળઝાળ ગરમીમાં ટોપી વગર તો કેમ ચાલે ?

રસીકલાલે અંતે ટોપી ખરીદી. ટોપીવાળાએ પૂછ્યું,''સાહેબ ,સાંભળ્યું છે કે હવે ગરમી ઓછી થવાની છે.? રસીકલાલને આ પ્રશ્નથી નવાઈ લાગી. કહ્યું,'' ભાઈ, તેની તો રાહ જોઈએ છીએ. ગરમી ઓછી થાય તેથી તને શો વાંધો છે?''

''ના...ના... સાહેબ ખાસ કાંઈ વાંધો નથી.''

''તો...??''

''આ તો સાહેબ, ગરમી વધુ પડે ને,તેમ વધુ ટોપીઓ વેચાય, ધંધો સારો ચાલે ને એટલે..!''

છાપાવાળા તો લખે છે કે આ વખતે વરસાદ વહેલો છે. પણ સાહેબ વરસાદ પછી તો અમારો ધંધો તો સાવ જ બંધ જેવો. ગરમીમાં જેટલું કમાવાય તેટલું કમાઈ લેવાનું. રસીકલાલ વિચારે ચડ્યા. ગરમી કોઈને માટે મારક તો કોઈ માટે તારક.

વાહ. રે... વાહ...સૂરજદાદા !

ફ્રુટની લારી.

અબ્દુલ સાથે કોણ આવ્યુ છે? નર્સે આવીને પૂછ્યુ.

હૃદયમાં ભરાયેલા ડુમા સાથે રહીમભાઈ બોલ્યા ,'' હુ...હુ...હા..હુ..છુ''

''તમને ડૉક્ટર અંદર બોલાવે છે.''

રહીમચાચા મનમા બીક સાથે ડૉક્ટરની કેબીનમાં પ્રવેશ્યા.




રહીમચાચાનો સાત વર્ષનો દીકરો અબ્દુલ બીમાર પડ્યો હતો. ઘણા સમયથી તેને તાવ આવતો હતો. નાના ડૉક્ટરો પાસેથી દવા લીધી પણ કોઈ જ ફેર પડ્યો નહીં. છેવટે પાડોશીની સલાહ મુજબ મોટી હૉસ્પીટલમાં મોટા દાકતરને બતાવવાનું નક્કી થયુ. ડૉક્ટરે અબ્દુલને તપાસી લેબોરેટરી ટેસ્ટ કરાવ્યા. ટેસ્ટ નો રીપોર્ટ હાથમાં રાખી ડૉક્ટરે કહ્યું,''હં... રહીમભાઈ... અબ્દુલ તમારો દીકરો...''

'હા સાહેબ, એકનો એક છે.''

''રીપોર્ટ આવી ગયો છે.''

''શુ છે રીપોર્ટમા સાહેબ, એનો તાવ કેમ મટતો નથી?''

''રીપોર્ટ ખરાબ છે, રહીમભાઈ.''

આ સાંભળીને રહીમભાઈ નો ચહેરો ફીક્કો પડી ગયો અબ્દુલના જેવો.

અબ્દુલને લોહીના બોટલ ચઢાવવા પડશે. ડૉક્ટરે આગળ ચલાવ્યુ.

''તેનુ હિમોગ્લોબીન -આઈ મીન ઉસકા ખૂન બહુત કમ હો ગયા હૈ સિર્ફ ૩.૪મીલી દેખો જ્યાદા ડરને કી બાત નહી હૈ . ઉસે ખીલાઓ પીલાઓ હરી સબ્જી દૂધ...

અને હાં એને રોજ એક ફળ ખવડાઓ.

સફરજન , મોસંબી ,કેળાં વગેરે તમને ખબર છે ફ્રુટમાંથી હિમોગ્લોબીન સારુ મળે.

''પણ ,તમે ધંધો શુ કરો છો રહીમભાઈ ?''

''સાહેબ, હું ફ્રુટની લારી ચલાઉં છું.''

●●●

મિસરી :

રબ મહેંગી ઘડી
સબકો દે
પર મુશ્કિલ ઘડી
કિસીકો ન દે.

(ડૉ. અબ્દુલરજ્જાક મલેકજી)

આભાર - નિહારીકા રવિયા

**વૃતસંચય**

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે તા.૧.૭.૨૦૧૬ના રોજ, ડૉ. જગદીશ ત્રિવેદી સંપાદિત પુસ્તક 'દેવશંકર મહેતાની શ્રેષ્ઠ વાર્તાઓ'નું વિમોચન પૂજ્ય રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી) ના વરદ્હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, સુમન શાહ અને માન. પુરુષોત્તમ રૂપાલાએ ઉપસ્થિત રહી, પ્રસંગને અનુરુપ વકતવ્યો આપ્યા હતા.

# સાહિત્યના સમદર એવા છ કાર્યક્રમો

● ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ અન્વયે ગાંધીનગર અને ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના સંયુકત ઉપક્રમે તા.૧૯.૬.૨૦૧૬ના રોજ યુનિ. કેમ્પસ, અમદાવાદ ખાતે, 'દલિત સાહિત્ય પર્વ' નો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પ્રથમ ઉદ્ઘાટન બેઠકના અધ્યક્ષસ્થાને અકાદમીના મહાપાત્ર મનોજ ઓઝા હતા, જયારે કાર્યક્રમનું ઉદ્ઘાટન અતિથિ વિશેષ અને જી.પી.એસ.સી.ના સદસ્ય અને માજી ધારાસભ્ય નાથુભાઈ સોસાના વરદ્રસ્તે કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે, જાણીતા દલિત સાહિત્યકાર અને ભારતીય સાહિત્ય અકાદમી, વાર્તાકાર અને વિવેચક ભ.ન. વણકર અને પ્રખ્યાત સંતસાહિત્યકાર ડૉ. નાથાલાલ ગોહિલ ઉપસ્થિત રહી, ત્રણેય દ્વારા ડૉ. બાબાસાહેબનાં અમરકાર્યોને બિરદાવી, આંબેડકરની વિચારધારા દલિત સાહિત્ય સાથે કેટલી સુસંગત છે તેની વિસ્તૃત ચર્ચા કરી. વિશેષતઃ નાજુભાઈ સોસા અને મનોજ ઓઝાએ પોતાની આગવી શૈલીમાં દલિત સાહિત્ય અને ડૉ. બાબાસાહેબ વિશે નવી જ વાત કરી હતી. શાબ્દિક સ્વાગત પ્રવચન ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના પ્રમુખ દાન વાઘેલાએ કર્યું હતું જયારે સંચાલન મૂળજીભાઈ પરમાર 'દધિ' એ કર્યું હતું.

બીજી બેઠકનો વિષય 'દલિત સાહિત્યની ધરોહર સંવિધાન નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકર' હતો. આ બેઠકના અધ્યક્ષ જાણીતા સમાજચિંતક, ક્રમશીલ અને ડૉ. બાબાસાહેબના અનુયાયી ડૉ. પી.જી. જયોતિકર હતા. જયારે અતિથિ વક્તા તરીકે જાણીતા દલિત સાહિત્યકાર પ્રાધ્યા. યશવંત વાઘેલા; પત્રકાર અને સામાજિક કર્મશીલ મૂળજીભાઈ ખુમાણ અને જાણીતા પત્રકાર લેખક, તંત્રી કિશોર મકવાણા હતા. ત્રણેય વિદ્વાન વક્તાઓએ પોતાના મૌલિક વકતવ્યોમાં ડૉ. બાબાસાહેબનાં કાર્યોને અનુસરીને દલિત એકતા ગાઢ બનાવવાના સંકેતો હતા. અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. પી.જી. જયોતિકરે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને દલિત સાહિત્ય વિશે રસપ્રદ વાતો કરી હતી. આ બેઠકનું સંચાલન ધરમસિંહ પરમારે કર્યું હતું. બીજી બેઠકમાં દલિત કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેનું સંચાલન ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના મહામંત્રી અને જાણીતા કવિ નિલેશ કાથડે કર્યું હતું. આ કવિ સંમેલનમાં રમેશ સોનારા, વજુભાઈ પુરાણી, પુષ્પાબેન વાઢેળ, હિતેન્દ્ર હિતકર, મૂળજીભાઈ પરમાર, ભરતવાળા, વિઠ્ઠલરાય શ્રીમાળી, મહેન્દ્ર વાળા, બ્રહ્મ ચમાર, સામત સોલંકી, ધરમસિંહ પરમાર, ભીખુ વેગડા, નગીનચંદ્ર ડોડિયા, નરેન્દ્ર વેગડા, રમણ વાઘેલા, દાન વાઘેલા, બાબુભાઈ નાયક, રામજીભાઈ રાઠોડ, શંકર પેન્ટર, ભી.ન. વણકર, યશવંત વાઘેલા, દલપત ચૌહાણ, ડૉ. નીરવ પટેલ, નિલેશ કાથડ, નાથુભાઈ સોસા, બાલકૃષ્મ પુરાણી, રવીન્દ્ર કનોડિયા અને ડૉ. પી.જી. જયોતિકર વિગેરેએ પોતાના દલિત કાવ્યો રજૂ કર્યા હતા અને અંતે કાર્યક્રમની આભારવિધિ ડૉ. ભીખુ વેગડાએ કરી હતી.

● રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકર સ્મૃતિસન્યાસના અધ્યક્ષ નીરજકુમાર મહાભારતના ઉપેક્ષિત પાત્ર કર્ણની સ્મૃતિમાં યોજાયેલ 'કર્ણ ઉત્સવ'ના અધ્યક્ષ સ્થાને હરિયાણાના રાજયપાલ પ્રો. કપ્તાનસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં, ગાંધીનગરના જાણીતા નવલકથાકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ ઉદ્ઘાટન કર્યું હતુ અને જણાવ્યું હતું કે, કર્ણ આપણો સર્વહારા જનસમુદાયનો શાશ્વત આદર્શ-રૉલ મોડેલ છે. ડૉ. કેશુભાઈ દેસાઈના આ બીજરુપ વ્યાખ્યાન પછી રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર' રચિત કર્ણના જીવન પર આધારિત પ્રબંધ કાવ્ય 'રશ્મિરથી'નું મંચન કરવામાં આવ્યું હતું. કુરુક્ષેત્ર યુનિવર્સિટી, રોહતક યુનિ. તથા મુરથલની છોટુરામ યુનિ.ના કુલપતિ ઉપરાંત સ્થાનિક ધારાસભ્ય કલ્યાણજી ઉપસ્થિત રહ્યા હતા.




●ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, શબ્દસભાના ઉપક્રમે એક કવિ સંમેલન, રવિશંકર રાવળ કલાભવન અમદાવાદ ખાતે ચિનુ મોદીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયું. જેમાં કવિગણ જયંત ડાંગોદરા, તથાગત પટેલ, રાધિકા પટેલ, રમેશ દરજી, યોગેશ ભટ્ટ, પાર્થ પ્રજાપતિ, યજ્ઞેશ વ્યાસ, કિશોર પંડ્યા, અક્ષય દવે, પ્રતાપસિંહ ડાભી, આગમ શાહે સ્વરચિત કવિતાનું પઠન કર્યું હતુ. આ કાર્યક્રમમાં ગુ.સા.અ. ના અધ્યક્ષ ભાગ્યેશ જહા, કવિ માધવ રામાનુજ, ઈતિહાસકાર મકરંદ મહેતાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ સંયોજકની ભૂમિકા કવિ મનિષ પાઠક 'શ્વેત' દ્વારા અદા કરવામાં આવી હતી.

●હરીશ ઠાકરનાં સાહિત્યનાં ૧૧ પુસ્તકો તથા ૨૧ સીડી-ડીવીડી તથા 'તસ્વીર બોલે છે.' ફોટો-આલ્બમનું લોકાર્પણ વિમોચન તા.૧૨-૬-૨૦૧૬ના રોજ નડિયાદ ખાતે થતું. સાંસદ દેવુસિંહ ચૌહાણ, ગુ.સ.ના પછાત વર્ગ વિકાસ નિગમના ચેરમેન જયંતિભાઈ બારોટ અને લોકપ્રિય વાર્તાકાર રજનીકુમાર પંડ્યાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

પ્રેમાનંદ સાહિત્ય સભાના શતાબ્દિ પર્વની ઉજવણી વેળાએ, પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીની અધ્યક્ષતામાં, ડૉ. ઉષા ઉપાધ્યયે; ધ્રુવ જોષીના ગઝલ સંગ્રહ 'જીવનચક્ર'નું વિમોચન અને લોકાર્પણ કર્યુ. આ પ્રસંગે મેઘાણીગૃપના ચેરમેન જયંતિભાઈ પટેલ, ડૉ. ચીનુ મોદી, ડૉ. રશીદ મીર, ડૉ. વિરંચિ ત્રિવેદી તેમજ સંસ્થાના પ્રમુખ ચંદ્રકાની રાવ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્પૂર મજમુદારે કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com